## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**વરસાદને કારણે આપણું કામ જોખમમાં છે... માટે ભાઈઓ પેલા ઓર્ગેનાઈઝરો મને જે 'ભાવ' આપશે તે 'ભાવે' માતાજીનાં ગરબા ગાવાની તૈયારી રાખશો...**

# જય અંબે પરિવારના ''ત્રિ-દશાબ્દી મહોત્સવ'ની ઉજવણીની કંકોત્રી પ્રથમ નોરતે અર્પણ કરાશે

## કલ્ચરલ ફોરમની નવરાત્રીમાં બિરાજમાન થનાર અંબાજીથી લાવવામાં આવેલ જ્યોતિ માતાજીની નગરયાત્રા યોજાશે : સવા કરોડ મંત્રલેખન પ્રવૃતિનું આયોજન

ગાંધીનગર, તા. ૨૭

આગામી રવિવારે તા. ૨૯મી સપ્ટેમ્બરે આસો માસની પવિત્ર નવરાત્રીના તહેવારનો પ્રારંભ થઈ રહ્યો છે અને દર વર્ષની પરંપરા મુજબ સેક્ટર-૧૩ ખાતેના જય અંબે પરિવાર ટ્રસ્ટ દ્વારા અંબાજીથી ''માતાજી''ને જ્યોતિ સ્વરૂપે લાવી ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રી એટલે કે સેક્ટર-૧૧ના રામકથા મેદાનમાં મનોહર રથમાં સ્થાપન કરી નવ નવ દિવસ સુધી પૂજા-અર્ચન, આરતી-ગરબા, આરાધના કરવામાં આવશે. આ પ્રસંગે એક દિવસ અગાઉ એટલે કે રવિવારે બપોરે ૩ કલાકે સેક્ટર-૧૩-બીના શક્તિચોકથી વિવિધ વાહનોમાં-રથમાં ગરબાવૃંદો, ટેબ્લો, ડીજે સહિતની ભવ્ય શોભાયાત્રા નીકળશે. વિવિધ સેક્ટરમાં થઈને રામકથા મેદાન પહોંચશે. જ્યાં નવરાત્રીના ૯ દિવસ માટે માતાજીના જ્યોતિ સ્વરૂપે દર્શન કરી શકાશે.

### નવાર્ણ મંત્ર લેખન બુક અને લાલ પેનના વિતરણ કેન્દ્રો

- લલિતભાઈ એસ. પટેલ - પ્લોટ નં. ૯૭૬/૨, સે. ૧૩-બી
- વિષ્ણુભાઈ જે. પટેલ - પ્લોટ નં. ૫૬૨/૨, સે. ૨૨
- ચંદ્રેશભાઈ વી. ગાંધી - પ્લોટ નં. ૯૩૮/૧, સે. ૭-સી
- સતિષભાઈ ટી. પટેલ - પ્લોટ નં. ૮૫૦/૨, સે. ૪-સી
- સુરેશભાઈ એન. પારેખ - પ્લોટ નં. ૩૩૨/૨, સે. ૨-બી
- અશોકભાઈ એ. પટેલ - પ્લોટ નં. ૩૬૮/૨, કિસાનનગર, સે. ૨૬
- બકુલ બી. પટેલ - એ-૨, ઉમિયા કોમ્પલેક્ષ, સ્વામિનારાયણ ધામ પાસે, કુડાસણ
- રમેશભાઈ એ. પ્રજાપતિ - ૨૭, શાંતિવિલા બંગ્લોઝ, સરગાસણ ચાર રસ્તા

નવરાત્રી એટલે નવદુર્ગા મા શક્તિની પૂજા-અર્ચના, યજ્ઞ-યામ અનુષ્ઠાન, ઉપવાસ, ધ્યાન, મંત્ર જાપ, મંત્રલેખન, ગરબા વગેરે દ્વારા આરાધના કરવાનુ પવિત્ર પર્વ જયઅંબે પરિવાર દ્વારા દર વર્ષે સવા કરોડ ''નવાર્ણ મંત્ર - ઓમ ઐ હ્રીં કલીં ચામુંડાયૈ'' વિચ્ચે'' મંત્ર લેખન પ્રવૃત્તિનુ આયોજન કરવામાં આવે છે. ટ્રસ્ટ દ્વારા આ પ્રવૃતિ માટે નવાર્ણ મંત્ર લેખન બુક, લાલપેનનું વિતરણ વગેરે માટે કેન્દ્રો નિયત કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત ટ્રસ્ટ દ્વારા દિવાળી પછી ૩જી થી ૧૦મી નવેમ્બર દરમ્યાન ત્રિદશાબ્દી ભક્તિ વંદના મહોત્સવ અંતર્ગત ''શિવશક્તિ મહાયાગ'' તથા વિવિધ ધાર્મિક કાર્યક્રમનું સેક્ટર-૧૩-બી ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમની કંકોત્રી પ્રથમ નોરતાની સવારે ૯.૩૦ કલાકે વિવિધ દેવી-દેવીઓને અર્પણ કરાશે તેમજ આ પ્રસંગે સુંદર કલાત્મક માંડવળી પણ 'મા'ના ચરણે અર્પણ કરાશે.



# ગાંધીનગર સિવિલના પાછળના ભાગે આવેલા ગેટ પાસે મસમોટો ખાડો

ગાંધીનગર સિવિલના પાછળના ભાગે આવેલા ગેટ પાસે મસમોટો ખાડો છે. તંત્ર દ્વારા સીએમના કાર્યક્રમને પગલે મુખ્ય દરવાજા પાસે પડેલા મસમોટા ખાડા પુરવામાં આવ્યા હતા. પરંતુ પાછળના દરવાજે કોઈની નજર પડવાની નથી. એટલે તંત્ર દ્વારા પાછળની તરફ પડેલ ખાડો તંત્ર દ્વારા પુરવાની કાળજી લેવામાં આવી નથી. સિવિલમાં દર્દીઓ સારવાર માટે આવે છે, પરંતુ જો કોઈ વ્યકિત ભુલથી ખાડામાં વાહન લઈને પડશે તો તેને સારવાર લેવાની ચોક્કસ જરુર પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. ત્યારે સિવિલના ગેટ પાસેનો મસમોટો ખાડો સત્વરે પુરાય તેવી લોકમાંગ પ્રબળ બની છે.

# રાયપુર ગામ પાસે બાંકડા સાથે અથડાયેલી કારમાંથી વિદેશી દારુ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર-દહેગામ માર્ગ પર પરઢોલ ગામના પાટીયા પાસે કારનો અકસ્માત સર્જાયો હતો. આ કારમાંથી વિદેશી દારુનો જથ્થો મોટીસંખ્યામાં પોલીસને મળી આવ્યો છે. શનિવારના રોજ સવારના સાડાસાત વાગ્યાના સુમારે રાયપુર ગામ તરફ જવાના માર્ગ પર બાંકડા અને બોર્ડ સાથે ભટકાયેલી કારમાં વિદેશી દારુનો જથ્થો હોવાની બાતમી ડભોડા પોલીસને મળી હતી. જેને પગલે પોલીસે પહોંચીને તપાસ કરતા સફેદ કલરની જી.જે.૦૧.કે.બી.-૬૯૦૨ નંબરની સેવરોલેટ કાર પડેલી હતી. જો કે કારની આસપાસ કોઈ દેખાતુ ન હતું. કારમાં પોલીસે તપાસ કરતા ડેકીમાંથી વિદેશી દારુની ૨૯૪ બોટલો મળી આવી હતી. જેને પગલે રૂ.૧.૧૭,૬૦૦ની કિંમતનો દારુનો જથ્થો અને બે લાખની કિંમતની કાર જપ્ત કરીને પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસમાં ડભોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.આર.રાઠોડે આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. અમદાવાદ પાર્સિંગની કારમાંથી રાજસ્થાન પાર્સિંગની નંબર પ્લેટ મળી આવી છે. જેનો નંબર આર.જે.૨૭.સી.બી.-૯૩૬૯ છે. જેને પગલે પોલીસને શંકા છે કે નંબર પ્લેટ બદલીને રાજસ્થાનથી આ દારુનો જથ્થો લાવવામાં આવ્યો છે. જયારે પોલીસની પ્રાથમિક તપાસમાં આ કાર અમદાવાદના કોઈ યોગેન્દ્રસિંહના નામ હોવાનું ધ્યાને આવ્યું છે.



# સિવિલ હોસ્પિટલમાં આઈઆઈટીવી મશીન આવતા દર્દીઓને રાહત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં છેલ્લા કેટલાક સમયથી આઈઆઈટીવી મશીન બગડી જતા દર્દીઓના ઓપરેશન ન થઈ શકતા અમદાવાદ રીફર કરવા પડતા હતા. જયારે હવે સિવિલમાં બે આઈઆઈટીવી મશીન આવી જતા દર્દીઓને અમદાવાદ સુધી લાંબા થવુ નહી પડે. તો બીજીતરફ ગાંધીનગર સિવિલના ઓર્થોપેડીક ઓપરેશન થિયેટરમાં રોજના અંદાજીત ૧૦ મેજર અને પાંચ મોઈનોર ઓપરેશન કરવામાં આવે છે. હવે આઈઆઈટીવી મશીન આવી જતા દર્દીઓને રાહત થશે અને દર્દીઓના ઓપરેશન ઝડપી અને સરળતાથી થઈ શકશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગના સારવાર માટે આવે છે. સિવિલની ઓપીડી અને ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ધમધમી રહી છે. આરોગ્યલક્ષી સેવા અને સુવિધાઓ વધતા નાગરીકો સિવિલમાં સારવાર લેવાનું પસંદ કરે છે. ત્યારે ગાંધીનગર સિવિલમાં છેલ્લા કેટલાક દિવસથી આઈઆઈટીવી મશીન બગડી જતા દર્દીઓની હાલત કફોડી બની હતી. દર્દીઓના ઓપરેશન પેન્ડીંગનો આંકડો પણ મોટો છે. જયારે મશીન બંધ હોવાથી ઓર્થોપેડીકના ૧૦ થી વધુ દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવતા હતા. ઓર્થોપેડીક વિભાગની કામગીરી જાણે અટકી ગઈ હોય તેમ લાગી રહ્યું હતું. ત્યારે બે આઈઆઈટીવી મશીન સિવિલમાં આવી જતા દર્દીઓના પેન્ડીંગ ઓપરેશન ઝડપથી શરુ થશે. જયારે ઓર્થોપેડીક વિભાગ પણ ધમધમતો રહેશે. જિલ્લાના દર્દીઓ ગાંધીનગર સિવિલ ખાતે આવતા હોવાથી રોજના અંદાજે ૧૦ થી પણ વધુ ઓપરેશન મેજર અને પાંચ જેટલા ઓપરેશન માઈનોર થાય છે. આઈઆઈટીવી મશીન આવી જતા દર્દીઓને અમદાવાદ સુધી લાંબા થવુ નહી પડે અને ગાંધીનગર ખાતે સરળતાથી ઓપરેશન થઈ શકશે. ઓર્થોપેડીક ઓટીમાં બે આઈઆઈટીવી મશીન ઈન્સ્ટોલ થઈ ગયા છે. ટુંક સમયમાં મશીનની કામગીરી શરુ થશે. જેથી દર્દીઓના ઓપરેશન પણ સરળતાથી અને ઝડપી થશે.




એન એ કરવાની પ્રક્રીયા અગાઉ ખુબ જ લાંબી અને જટીલ હતી. પરંતુ સરકારના પ્રયાસના લીધે હવે અભિપ્રાય સહીતની શિરદર્દરૂપ પ્રક્રીયામાંથી અરજદારોએ પસાર થવુ પડતુ નથી. એન એ કરવાની પ્રક્રીયા ઓન લાઇન કરવાના અભિગમથી અરજદારોને કોઇ ધક્કા ખાવા પડતા નથી. એન એ ની ફાઇલ કે અરજીનો કલેકટર કક્ષાએથી નિકાલ થઇ જતા હવે ઓન લાઇન એન એ ની પ્રક્રીયાના અંતે ત્રણ દિવસમાં જ એન.એ. ઓર્ડર પણ મળી જાય છે. ગાંધીનગરના જાણીતા બિલ્ડર પ્રમુખભાઈ ડાહ્યાભાઈ પટેલે આજે મુખ્યમંત્રીના હસ્તે ઓનલાઇન આર્ડર મેળવી સરકાર તેમજ કલેકટરની કામગીરીને બિરદાવી હતી. ગાંધીનગર કલેક્ટર ઓફિસ ખાતે યોજાયેલ પંચ કલ્યાણ વિકાસ પ્રકલ્પના શુભારંભ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરના વિકાસ માટે યોગદાન આપતા બિલ્ડરો, ઈજનેરો અને જિલ્લાના તંત્રને બિરદાવ્યું હતું.

